INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૪-૦૮-૨૦૨૪**

- **પાલનપુર ખાતે જનમંચ કાર્યક્રમમાં બનાસકાંઠાના ખેડૂતોને પોતાના પ્રશ્નો રજુ કરવા માટેનો મંચ કોંગ્રેસ પક્ષે આપ્યો જેમાં ખેડૂતોને જમીન સંપાદન કરીને કરવામાં આવતી હેરાનગતિ તેમજ પાલનપુર બાયપાસ રોડ મુદ્દે ખેડૂતો આંદોલન કરી રહ્યા છે તેમાં સમર્થન આપવા સાથે તેમની રજૂઆતો સાંભળી.**
- **જમીન સંપાદન પહેલા રાતોરાત મળતીયાઓની જમીનો બિનખેતી કરી કરોડોનું કૌભાંડ: શ્રી અમીત ચાવડા**
- **ખેડૂતોની એક ઇંચ પણ જમીન લીધા વગર એરોમા સર્કલ પર બ્રીજ બનાવી ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવો: શ્રી અમીત ચાવડા**
- **પાલનપુરના ગામોના ખેડૂતોનો વિનાશ કરીને વિકાસ કરવાની વાતો બંધ કરે ભાજપ સરકાર:શ્રી અમીત ચાવડા**
- **પાલનપુર ખાતે 'ખેડૂત બચાવો, ખેતી બચાવો', 'જય જવાન, જય કિસાન' ના નારા સાથે યોજવામાં આવેલા જનમંચમાં ખેડૂતોના મુખ્ય મુદ્દાઓમાં:**

→ સોનગઢથી જગાણા સુધી એકસરખો ૧૦૦ ફૂટ જ બાયપાસ બને
→ ખેડૂત ખાતેદારમાંથી નામ જતા રહે છે તે ખેડૂતોને વતનમાં જમીન આપો.
→ બાયપાસમાં જેમના પાણીના બોર જતા રહે તેમ છે, તેમને સરકાર બાજુમાં પાણીવાળા બોર બનાવી આપે.
→ જમીનનું વળતર જંત્રીના હિસાબે નહી પરંતુ બજારના ભાવ પ્રમાણે આપવામાં આવે.
→ સહિત અનેકવિધ મુદ્દાઓ પર સ્થાનિક લોકોએ પણ પોતપોતાની રજૂઆતો કરી હતી.

જેમાં શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, "ખેતમજુરોને ખેડૂતના હક્ક, જમીનના હક્ક અપાવનાર, ખેડૂતોના હિતની વિરુદ્ધમાં રહેલા ગેરબંધારણીય જમીન અધિગ્રહણ બિલ રદ્દ કરાવવા, ખેડૂત વિરોધી કાળા કાયદા વિરુદ્ધ હંમેશા કોંગ્રેસ પક્ષ ખેડૂતો માટે લડ્યો છે ત્યારે ખેડૂતોના અવાજને, જનતાના અવાજને બુલંદ કરવા, કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલા મજબૂત પ્લેટફોર્મ જનમંચમાં આવેલી આ ફરિયાદોના નિવારણ માટે લોક- આંદોલન થકી એક મજબૂત અભિગમ દ્વારા જનસભાથી લઈને વિધાનસભા સુધી મક્કમતાથી લડાઈ લડવા કોંગ્રેસ પક્ષ કટિબદ્ધ છે."

વિરોધપક્ષના નેતા શ્રી અમિત ચાવડા, બનાસકાંઠાના સાંસદ શ્રી ગેનીબેન ઠાકોર, દાંતાના ધારાસભ્ય શ્રી કાંતિભાઈ ખરાડી સહીત કોંગ્રેસ પક્ષના આગેવાનો, હોદ્દેદારો, કાર્યકરો સહિત મોટી સંખ્યામાં સ્થાનિકો ઉપસ્થિત રહ્યા જેમણે વિવિધ મુદ્દે "જનમંચ" માં રજૂઆતો કરી હતી અને આગેવાનોએ આ પ્રશ્નોના નિરાકરણ માટે સડક થી લઈને વિધાનસભા સુધી ઉઠાવવાની ખાત્રી આપી હતી

હેમાંગ મહિપતરામ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા